





શિક્ષકોને આવે એટેક, સાહેબોની હાક છે,
સચિવાલય થયું દોડતું, સાહેબની ધાક છે
ધ્યેયની તાકના થાકે બેભાન ચક્રવર્તીઓ -
રાખે સૌને 'વાઇબ્રન્ટ' કે એ સાહેબનું નાક છે
(બહેનશ્રી પણ પડી ગ્યાં બિમાર)

દંભ દેખાડે,
'ડસ્ટબીન' યોજના -
થશે કચરો..
(જતે દહાડે..)

'સ્માર્ટ' મંત્રનો
- ખૂદ જ આપે બોધ!
અમલકર્તા...
(શિખામણે સૂરા)




## ચિંતન

**રાજા પશ્યતિ કર્ણાભ્યામ્ યુક્ત યા પશ્ચયન્તિ પંડિતાઃ ।**
**પશુઃ પશ્યન્તિ ગંન્ધેન ભૂતેઃ પશ્યન્તિ બર્બરાઃ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્ય નીતિ' નામના બીજા અધ્યાયનો આ શ્લોક છે :

રાજા તેના બે કાન વડે જૂએ છે અર્થાત્ રાજાના બાતમીદાર-જાસૂસો એ આપેલી માહિતી પર આધાર-વિશ્વાસ રાખી તેમના કહેવાના પર વિશ્વાસ રાખી જાતે જોયેલું હોય એમ સ્વીકારે છે.

જયારે પંડિતો યુક્તિબાજ હોય છે કોઇ પણ ઘટના-બનાવનો બુદ્ધિપૂર્વક વિચાર કરી તેના પૂર્વાપરેનો વિચાર કરી પ્રમાણો પર આધારિત જોયા બરાબર નિર્ણય કરે છે. પ્રત્યક્ષ પ્રાપ્ત બાબતો અને અનુમાન આધારિત દૃશ્યની કલ્પના કરે છે.

પશુઓની ઘ્રાણેન્દ્રિય અતિ અસરકારક હોય છે તે ગંધ દ્વારા શું ખાવા જેવું છે કે નથી ખાવા જેવું, દુશ્મન-પ્રાણીઓની હાજરી વગેરે માત્ર ગંધ મારફતે પારખી જાણી શકે છે.

અને તાંત્રિકો-મેલીવિદ્યા જાણનારા લોકો ભૂવા-અઘોરી લોકો-ભૂત-પ્રેત દ્વારા જૂએ છે તાંત્રિક સાધના દ્વારા-બધી બાબતોની માહિતી-ઉકેલ મેળવી લેતા હોય છે.

## સુવિચાર

- કર્તવ્ય અને વર્તમાન આપણા છે, પણ એનું ફળ અને ભવિષ્ય ઇશ્વરને હાથ છે **- કર્મસૂત્ર**
- 'શું શક્ય છે..' તેનું જ્ઞાન થાય ત્યારથી સુખની શરૂઆત થાય છે- **ડો. વિક્રમ સારાભાઇ**
- પોતાના કામમાં સતત ખૂંપેલા રહેવું અને મૌન રહેવું એ ટીકાકારો માટે શ્રેષ્ઠ જવાબ છે **- પન્નાલાલ પટેલ**
- ગૃહસ્થનું ઘર એ પણ એક તપોભૂમિ છે.. સહનશીલતા અને સંયમ એ બંને ગુણોને અનુસર્યા વિના કોઇ તેમાં સુખી રહી શકતું નથી **- એસ. ભટ્ટાચાર્ય**
- ઉપકારને ભૂલે તે મૂર્ખ, પણ ઉપકારને કહી બતાવે તે મહામૂર્ખ **- ઝેન કથન**
- તાંદુલી તત્ત્વ હેતથી ભારે થાય છે, મળે સાચી લાગણી ત્યારે થાય છે, જયાં ત્યાં હાથ લંબાવ ના ઓ હૃદય, મૈત્રીનું સાચું મૂલ્ય તો કૃષ્ણના દ્વારે જ થાય છે **- સુરેશ દલાલ**
- સ્વયં ને મનુષ્ય બનાવવાનો પ્રયત્ન કરવો, જો એમાં સફળ થઇ ગયા તો દરેક કાર્યમાં તમને ચોક્કસ સફળતા મળશે **- માનસસૂત્ર**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

મુશ્કેલી-આપત્તિના સમયમાં પણ જે માનસિક સમતુલા સાચવી બુદ્ધિપૂર્વકનો નિર્ણય લઇ શકે એ જ ડાહ્યો-ચતુર-હોંશિયાર કહેવાય.

એક વણિકપુત્ર શહેરમાંથી થોડો ચાંદીનો સામાન લેવા જતો હતો. એની મા એ એક સોનામહોર આપી હતી. યુવાને થેલામાં લોટમાં તે સંતાડી દીધી અને શહેરની બજારને રસ્તે ઉપડ્યો. રસ્તામાં ઝાડી-જંગલ જેવું એકાંત આવ્યું ત્યાં એક લુટારો સામે આવ્યો અને ધારદાર હથિયાર બતાવી કહે તારી પાસે જે કંઇ માલ હોય તે આપી દે.

યુવાને શાંત ચિત્તે કહેયું - મારી પાસે છે તો કંઇ જ નહીં - માત્ર આ ચમત્કારીક લોટ છે.

લુટારુ કહે - એ લોટમાં વળી શું ચમત્કાર હોય? યુવાન કહે એમાંથી દિવસમાં એકવાર હાથ નાખીએ તો રોજ એક સોનામહોર આપે છે. આજે મેં હજુ હાથ નાખ્યો નથી પણ શહેરમાંથી ખરીદી કરીશ પછી નાખીશ.

લુટારુ કહે, 'ચાલ મને હાથ નાખી જોવા દે!' લૂટારુ એ લોટમાં હાથ નાખ્યો અને સોનામહોર કાઢી લીધી. યુવાન કહે તમે એ સોનામહોર લઇ લ્યો. પણ આ લોટ નહીં આપું!

લુટારુને લાઇટ થઇ - લોટનો થેલો ઝૂંટવી અને સોનામહોર યુવકના હાથમાં મૂકી - ભાગ્યો!

યુવકે લૂટારુને આમ લોટ ફાકતો કરી દીધો.

Email - sureshchandrabhatt18@gmail.com

# મૃગ-હરણની ઘ્રાણશક્તિ કે શ્રવણશક્તિ એટલી તીવ્ર નથી હોતી જેટલા સુંદર તેમનાં નયનની નજર છે, તીક્ષ્ણ દૃષ્ટિ અને પાતળા મજબૂત પગની પવનવેગી ગતિ જંગલમાં તેમને સંરક્ષણ અને સલામતી બક્ષે છે

નિરંજનભાઈની સાથે મારો નવો નવો પરિચય છે. પણ માણસ મજાનો છે. ખુબ હસમુખો અને મળતાવડો. કલાકાર જીવ છે. પર્યાવરણ બચાવ અને પ્રકૃતિ પ્રેમને લગતી સુંદર નાટીકાઓ તૈયાર કરી ભજવે છે. મને પણ તેમની એક નાટીકા માણવાનો મોકો મળેલો ત્યારથી અમારા બંને વચ્ચે મૈત્રીનો દોર શરૂ થયો. દૂરથી એ જ આવતા લાગે છે. ઝભ્ભો લેંઘો અને ખભે થેલો એ જાણે કે એમની ઓળખ છે. તે નજીક આવ્યા. કોઈ ફિલ્મી ગીત ગણગણતા લાગે છે.

હિરની જૈસી આંખો વાલી યે તો બતા તેરા નામ હૈ કયા'

'અરે! નિરંજનભાઈ કોને શોધો છો?' મેં પુછ્યું.

'હું તો આ રહી.'

'જોઈ... આ છે નમ્રતા લાગે છે ને બિલકુલ મૃગ નયની.'

'તમારી સાથે છે?'

'હાં અમે બંને મળીને સહભાગી વન વ્યવસ્થા કેન્દ્ર માટેનાં નાટકો કરીએ છીએ. નમ્રતા જેટલી રૂપાળી છે એટલી જ સારી કલાકાર પણ છે.'

'સર, આ તો આખો દિવસ મારી મજાક જ કરતા હોય છે. તમે સાંભળ્યું હશે. હમણાં પેલું ગીત ગુનગુનાવતા હતા. હિરની જૈસી આંખોવાલી અને હવે પાછા મૃગનયની કહે છે. આ હરણોદ્યાનમાં કેટલીયેવાર આવી છું પણ મને હજુ સુધી એ સમજાતું નથી કે હરણ અને મૃગ બંને એક જ કહેવાય કે જુદાં, તેમના વચ્ચે શું તફાવત હોય છે.'

'એ તો નજરે જૂઓ તો જ ખબર પડે' મેં કહ્યું.

'તો શું હરણ અને મૃગ બંને આપણે ત્યાં છે?' નિરંજનભાઈ એ પુછ્યું.

'હાં, તમારે જોવા છે?'

'એમને જોવા હોય કે નહીં મારે તો જોવાં જ છે અને તેમના વિષે જાણવું પણ છે.' નમ્રતા બોલી.

'સારુંસારું... ચાલો આપણે એ તરફ જઈએ.' અમે હરણનાં પાંજરાઓ તરફ આગળ વધ્યા.




મેં એવું સાંભળ્યું છે કે વાસ્તવિક રીતે ખરીવાળા વાગોળનારાં પ્રાણીઓ હરણ અને મૃગ ભિન્ન ગોત્રી પિતરાઈ છે એ ખરું ને... '

'હાં, જૂઓને સર્વાંગ સુંદર કાળીયાર શ્યામ સુંદર હરણ છે. તો રામાયણમાં ગવાયેલ 'અસંભવ હેમ મૃગસ્ય જન્મ' વાળુ સીતાહરણ સાથે સંકળાયેલ સુવર્ણમૃગ ગણાતું ચિતલ મૃગ છે. હરણ-મૃગ બંનેમાં નરનાં શિંગડાં જ સુંદરતા, આકર્ષણ, સંરક્ષણ અને આક્રમણનાં કેન્દ્ર છે. બંનેનાં શિંગડાંનો તુલનાત્મક અભ્યાસ તેમને ભિન્ન ગોત્રી સિદ્ધ કરે છે.'

'આમાં મૃગ કોને કહેવાય અને હરણ કોને કહેવાય એ તો ફક્ત શિંગડાંથી જ નક્કી થાય ખરું ને?' નમ્રતાએ પુછ્યું.

'હાં, આપણે ત્યાં જોવા મળતા સાબર, ચિત્તલ કસ્તુરી હરણ, ભેંકર, હોગ ડીયર એ બધાં મૃગ છે. મૃગનાં શિંગડાં અંદરથી નક્કર અને અસ્થિમય હોય છે. તે દર વર્ષે ખરી પડે છે. અને મૂળમાંથી પુનઃ નવા ઊગી નીકળે છે. મૃગના શિંગડાં શાખાવાળાં હોય છે.'

હાં મેં સાબરનાં શિંગડાંની વાર્તા વાંચેલી છે. તેને તેનાં શિંગડાંનું ખૂબ અભિમાન હતું.

'એટલે જ હું તો આને કાયમ કહું છું ગોરે રંગ પે ઈતના ગુમાન ન કર. આ આંખોને ય એક દિવસ મોતીયો આવી જવાનો.' નિરંજન ભાઈ નમ્રતા તરફ જોઈ બોલ્યા.

'તમેય શું,' કહેતાં નમ્રતા જરા શરમાઈ પણ તેને કંઈક યાદ આવતાં બોલી.

'સર, મારે તમને એક વાત પુછવી છે'

'પુછો ને?'

'કસ્તુરી મૃગ આપણને ત્યાં જોવા મળે છે?'

'ના, એ મોટે ભાગે કાશ્મીર, સિક્કિમ અને નેપાળમાં વ્યાપ ધરાવે છે. કસ્તુરી મૃગ એક એવું હરણ છે તે અર્ધ વિકસિત હરણ છે. તે હરણ અને મૃગની વચ્ચેના બાહ્ય દેખાવનાં લક્ષણો ધરાવતું પ્રાણી છે. તેનાં શિંગડા અને ચહેરા ઉપરની ગ્રંથીઓ અર્ધવિકસિત હોય છે. કસ્તુરી ધરાવતી ગ્રંથી તેની ડૂંટીની ચામડીના નીચેના ભાગે હોય છે.'

'તેને તારી જેમ પરફ્યુમ લગાવવું પડતું નથી સમજીને' નિરંજનભાઈએ મજાક કરી.

'હા, તમે નમ્રતાને આ કહ્યું ત્યારે એક વાત તમને ખાસ કહી દઉં. માદા કસ્તુરી મૃગમાં કસ્તુરીની ગ્રંથી હોતી નથી.'

'આ તો નવું જાણવા મળ્યું. જો.. જો.. પ્રાણીઓમાં નરની જ સુંદરતાનું મહત્ત્વ છે. સુંદર શિંગડાં અને કસ્તુરી બધું એની પાસે જ હોય છે.' નિરંજન ભાઈએ કહ્યું.

'પણ તમને ખબર છે હરણ અને મૃગનાં નરની પસંદગી, માદા કરે છે હોં.' મેં ચોખવટ કરી.

'એ કઈ રીતે? નમ્રતાએ પુછ્યું.'

'જાણી લે... જાણી લે... તારે કામ લાગશે.' નિરંજનભાઈ બોલ્યા.

'હરણાં અને મૃગ કુળમાં મોટા ભાગની પ્રજાતિઓમાં માદા દ્વારા નરની પસંદગીની તાર્કિકતા જાણવા જેવી છે. નર જેમ મોટા શિંગડાં વાળો તેમ તે દેખાવડો પ્રથમ દૃષ્ટિએ જણાય અને તે શિંગડાંના કારણે રૂડો, રૂપાળો કે દેખાવડો છે તે કારણોસર માદા પસંદ કરી લે એવું હોતું નથી. સામાન્યતઃ જેમ મોટાં શિંગડાં તેમ નર વધુ પુખ્ત ઉંમરનો, મોટી ઉંમરનો, તેમાં આપણે જોઈએ છીએ કે તૃણભક્ષી પ્રાણીઓ ઉપર જ માંસભક્ષી પ્રાણીઓ નભતાં હોય છે. ત્યારે મોટા શિંગડા અને મોટી ઉંમર તે પ્રાણીને વિષમ પરિસ્થિતિમાં જીવી શકવાની અને શિકાર થતાં બચવાની કુશળતા દર્શાવે છે. આવા મોટાં શિંગડાં જંગલમાં ઝાડીમાં નાસી છૂટવાના - દોડવાના માર્ગમાં અવરોધ બની શકે તેમ હોવા છતાં એવો નર જયારે હયાત હોય ત્યારે તેની શિકારથી બચવાની કુશળતાનું અને વિષમ પરિસ્થિતિમાં જીવી શકવાના ગુણો દર્શાવે છે. જેથી પરોક્ષ રીતે તેના આ ગુણ તેનું બત્રીસલક્ષણાપણું દર્શાવે છે. જેથી માદા આવા મોટી ઉંમરનાં નરની પસંદગી કરતી હોય છે.'

'સર, તમે મૃગોની વાત તો કરી પણ કૃષ્ણ મૃગ એટલે કે કાળીયાર, ચિંકારા, ચૌશિંગા, નીલગાય એ બધાં શું છે?'

'એ બધાં હરણ છે. તેનાં શિંગડાં પોલા હોય છે. હરણનાં શિંગડાં ધીમે ધીમે પૂર્ણ વિકસિત થઈ આજીવન રહે છે. જો આકસ્મિક તૂટી જાય તો નવાં ઉગતાં નથી. હરણોના શિંગડાં સરળ, લાંબા, વળદાર સ્ક્રુ જેવા પેચવાળા હોય છે.'

'તમે આજે આ તફાવત સમજાવ્યો એટલે થોડી ખબર પડી બાકી હરણ અને મૃગ વચ્ચે હંમેશા ગોટાળો થતો હોય છે.'

'તમારી વાત સાચી છે. ગુજરાતી ભાષામાં 'ડીયર્સ' અને 'એન્ટીલોપ' મૃગ અને હરણ શબ્દનો ઉપયોગ કોના માટે કરવો તે અંગે ઘણાં મતમતાંતરો પ્રવર્તે છે.' પણ તજજ્ઞોના મતે 'ડીયર્સ' માટે મૃગ અને 'એન્ટીલોપ' માટે હરણ શબ્દ પ્રચલિત બન્યો છે.

'સરા, આ મૃગ અને હરણમાં નર અને માદાની ખબર કઈ રીતે પડે?'

'તેમનાં માથે શિંગડાંથી, નર પ્રાણીઓને શિંગડાં હોય છે તે ઉપરાંત તે કદાવર અને મજબૂત હોય છે.'

'અને માદાઓ નાજુક નમણી હોય છે ખરું ને?' નિરંજનભાઈ વચ્ચે બોલ્યા.

'હાં'

'સર, એવાં કોઈ હરણ હશે જેમાં નર અને માદા બંનેને શિંગડાં હોય' નમ્રતાએ કહ્યું.

'હા, કેમ નહીં ચિંકારામાં નર અને માદા બંને શિંગડાં ધરાવે છે.'

'આજે તો આ હરણ અને મૃગો વિશે ઘણું જાણવા મળ્યું આપણને તો આ બધી ખબર જ નહોતી. પણ મારે હજુ એક વાત પુછવાની હી જાય છે. આ બધાં હરણોમાં સૌથી મોટું હરણ કયું હશે?'

'આ જૂઓ તમારી સામે ચાલ્યું આવે એ જ.

'નીલગાય?'

'હાં ભારતીય હરણોમાં એ સૌથી મોટું હરણ ગણાય છે.' મેં કહ્યું.

'અને આ સામે પાંજરામાં દેખાય છે એ ચૌશિંગુ છે ખરું ને?'

'હાં'

'તેને ચૌશિંગો કેમ કહેવાતું હશે?'

'કેમ કે પ્રાણી જગતમાં ચૌશિંગા જ એક એવું પ્રાણી છે જેને ચાર શિંગડાં છે.'

'આ પ્રાણીઓની બીજી કોઈ વિશેષતા ખરી?'

'હાં, મૃગ-હરણની ઘ્રાણશક્તિ કે શ્રવણશક્તિ એટલી તીવ્ર નથી હોતી જેટલા સુંદર તેમનાં નયનની નજર છે. તીક્ષ્ણ દૃષ્ટિ અને પાતળા મજબૂત પગની પવનવેગી ગતિ જંગલમાં તેમને સંરક્ષણ અને સલામતી બક્ષે છે.'

'સાચી વાત છે. આ વાતો વાતોમાં કેટલો સમય નીકળી ગયો ખબર જ ન પડી. અમારે નીકળવું પડશે.'

'ભલે... ભલે... પણ તમને હવે જે નાટક પ્રગોયો કરો તેમાં હરણાં અને મૃગલાઓને ભુલતા નહીં હોં ને?' મેં કહ્યું.

નિરંજન ભાઈ અને નમ્રતા ત્યાંથી પાછાં વળ્યાં અને હું પ્રકૃતિ ઉદ્યાનનો નજારો જોતો આગળ વધ્યો.

(ક્રમશઃ)

# 'તું' ગઝલ સંગ્રહના નોખી મુદ્દા ધરાવતા ગઝલકાર સોલિડ મહેતા

કવિ સોલિડ મહેતાને મોરારીબાપુ પ્રેરીત અસ્મિતાપર્વમાં શાંતિથી મળવાનું થાય છે. હમણાં તેઓએ મને બે સંગ્રહો મોકલ્યાં તેમાં (૧) ઝાલાવાડી ગઝલગંગા (સંપાદક-સોલિડ મહેતા) અને તાજેતરમાં નવ્યા પબ્લિકેશન, સુરેન્દ્રનગરથી પ્રકાશિત 'તું' ગઝલ સંગ્રહ પ્રાપ્ત થયો. સંગ્રહની માળાના ૧૦૮ મણકા સમી ગઝલ કવિએ પૂજ્ય મોરારિબાપુને અર્પણ કરી છે. મને પણ આ કવિની ગઝલ માણવી ગમી છે.

પ્રારંભે ભગવતીકુમાર શર્મા, ચિનુ મોદી, એસ.એસ. રાહી, રાજેશ વ્યાસ, મિસ્કીન, તથા હર્ષ બ્રહ્મભટ્ટના શે'અર મુકવામાં આવ્યાં છે. ડૉ. કનૈયાલાલ ભટ્ટ કવિ વિશે કહે છે:


ઓછી પણ સત્વશીલ અને પ્રયોગશીલ ગઝલો સૉલિડ મહેતાનું મૂળ નામ હરીશ પુરુષોત્તમ મહેતા છે. એમનો જન્મ ૧૨ જુલાઈ - ૧૯૫૩ના રોજ અષાઢી સુદ બીજ-રથયાત્રાના દિવસે અમદાવાદમાં થયેલો. એમનું વતન (ઝાલાવાડ) સુરેન્દ્રનગર જિલ્લાનું હળવદ ગામ.

શિક્ષણના વ્યવસાયમાંથી ૨૦૧૧માં નિવૃત્ત થયા પછી એમની સાહિત્યિક વૃત્તિ-પ્રવૃત્તિ વધુ વેગવંતી-સ્પર્શવંતી બની છે. 'ઝાલાવાડી ગઝલગંગા' ગઝલ સંપાદન : ૨૦૧૨ અને 'તું' ગઝલ સંગ્રહ : ૨૦૧૩ એના હાથવગા નિદર્શનો છે.

ગઈ સદીના આઠમા દાયકાએ આપેલા ઉત્તમ કવિઓમાં સૉલિડ મહેતા આગવા અવાજવાળા અને નોખી મુદ્રાના ગઝલકાર છે. એવી જ મિજાજી અને વાસ્તવિક એમની ગઝલો છે.

## મોંઘેરા મોતી

- નટવર આહલપરા



તું- ની ગઝલોનું એક આગવું કામણ છે, જે 'અંતરિયાળ' વિસ્તરતું રહ્યું છે. સંબંધોના નિજી અર્થને અંકે કરતી ગઝલિયત ગઝલત્વના ભાવપ્રવાહને રેખાંકિત કરે છે તો રદ્દિફ-કાફિયાની માંડણી નરી નિષ્ઠાની ભાવ-બોધને વિષયગત અપેક્ષી મત્લાથી મકતા સુધી સાફ-છંદી ચાલે નાની બહેરને નવ્યતા પ્રબોધે છે. તું' માત્ર સૉલિડ મહેતાનો ગઝલસંગ્રહ નથી. પરંતુ ૨૧ વર્ષનું એક ઋષિકવિનું તપ છે. મને ગમતા શેર સાથે તું- નું સ્વાગત છે.

ભાવનગરથી જેમની સાથે (૧૯૭૮) બંધાયેલી મિત્રતા અકબંધ છે એવા કવિ સોલિડ મહેતાના અને મારા મિત્રતા અકબંધ છે એવા કવિ સોલિડ મહેતાના અને મારા મિત્ર ડૉ. ભરત જોશી પાર્થ મહાબાહું (પ્રોફેસર, ગુજરાત વિદ્યાપીઠ) તું- સંગ્રહ વિષે અને કવિ વિષે સરસ વાત માંડે છે.

પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે સેવા નિવૃત્ત થયેલા આ કવિ સ્વભાવમાં કયારેય કશો ફેર નથી પડયો તે તેમની ઉપલબ્ધિ ગણાય, તો તેમની કવિતામાં આવતી ગયેલી પ્રૌઢી પણ તેવી જ ઉપલબ્ધતા. 'અંતરિયાળ'ના આ કવિએ તેમની કવિતાને નિશ્ચિત મુકામ પર પહોંચાડી છે તેનો બોલતો પુરાવો છે 'તું'. તેમણે કવિતાને પ્રેયસી ગણીને ચાહી છે તેનો હું સાક્ષી છું. ધરતીકંપમાં ભાંગી ગયેલા મકાન કરતાં તેમને કવિતાની પરવા વધુ. એકલા સૉલિડને નહીં, તેમના આખા પરિવારને સંદર્ભે આ સાવ સાચું. નિવૃત્તિ વેળાના આર્થિક લાભોનો ઉપયોગ મિત્રોના કાવ્યોનાં સંચય કરવા પાછળ વાપરી નાખવા નિમિત્તે થોડું ટપકાવવાની ચેષ્ટા કરી છે. આ લખાણમાં સોલિડે મારી પાસે રાખેલી અપેક્ષા ન સંતોષાય તેવું બને પણ મેં જે લખ્યું છે તે સૉલિડ ભાવથી લખ્યું છે તે વિશે તેમને કોઈ શંકા નહીં હોય તેની મને ગળા સુધીની ખાતરી છે. સૉલિડની કવિતામાં નક્કર વધતી રહે અને તેમના વ્યક્તિત્વની કુમાશ ટકી રહે તેવી મંગલ કામના છે.

કવિ વિશાળ મનના છે તેની પ્રતીતિ મને તેમના પ્રસ્તુત શે'અરમાં થઈ,

દાદ-ફરિયાદ શું કરે સોલિડ?
થા ગઝલમાં પ્રગટ લખાણે તું

કવિ માટે કવિ વિનોદ જોશી અનોખી ગઝલો એવું શીર્ષક આપી નોંધે છે. અહીં દર્દ છે, હર્ષ છે. વસવસો છે પ્રાપ્તિ છે. રિકતતા છે, સભરતા છે, વ્યગ્રતા છે, ઉલ્લાસ છે. ભાવક આ ગઝલોને એકાગ્રચિત્તે સાંભળે તો ભીતરના ઘણા દરવાજા ખૂલી જઈ શકે છે.'

જ્યારે કવિ મનોહર ત્રિવેદી 'હું કશું પૂછીશ નહીં' એવા મથાળા પછી લખે કે, 'કવિ સોલિડ મહેતાની પૂછતું ગઝલ વાંચીને મને એવી કોઈક ચડી, તે તરત ભ્રમણ ભાષ દ્વારા એના કાનની ખડકી ખટખટાવી. ખૂલી વળતો અનર્ગળ રાજીપો મેંય ઝીલ્યો. જોઈએ, મત્સાના શે'અરની ચોટદાર રજૂઆત :

ચાલવાનો અર્થ કેવળ ચોકડાને પૂછતું,
કોણ આવ્યું કે ગયું તે આંગણાને પૂછતું!

કવિ હરિકૃષ્ણ પાઠક જેવા વરિષ્ઠ વિવેચક કવિ સોલિડ મહેતાની પીઠ થાબડે અને કહે છે,

'છિન્ન ને ક્ષીણ સોલિડ બધું તે છતાં,
શ્વાસમાં શેષ કૈં સળવળે એજ તું.

કવિશ્રી સોલિડ મહેતાએ સંપાદિત કરેલ એક કાવ્યસંગ્રહના પ્રકાશન વેળાએ હળવદ ખાતે જવાનું થયેલું. કવિને નામની તો ઓળખું, ને આવા નામધારી અંગે કુતૂહલ પણ હતું , પરંતુ રૂબરૂ મળવાનું થયું તો લાગ્યું કે બધું બંધ બેસતું છે. કવિનો ઉત્સાહ અદમ્ય, અને એક હાથ અસ્થિભંગને કારણે પાટામાં બંધાયેલો પણ બીજા સાજા હાથે તેમની ભરપૂર ખુશાલી અને નાણાંયે વેરતા રહે. મનમાં જે ઊગે તે કર્યા વિના ન રહે તેવા આગ્રહી છતાં વ્યવહારમાં સરળ અને નમ્ર પોતે 'તું- ગઝલ- સંગ્રહ પ્રગટ કરવા ધારે છે જેવી જાણ તો તેમણે અગાઉથી જ કરેલી, અને બે ગઝલ પાઠવીયે ખરી બંને સ્વીકાર્ય ઠરે, ગમે તેવી, ચુસ્ત અને ગઝલના મિજાજની, કહો કે કવિના મિજાજની હવે જે ગઝલ વિશે લખવાનું પ્રાપ્ત થયું છે તે પણ પ્રથમ વાચને ગમી જાય તેવી.'

કવિ હર્ષદ ત્રિવેદી અંતરંગ અનુભવની ભાવમુદ્રા રજૂ કરતાં લખે છે :

જીવ મૂળે તો શિક્ષકનો એટલે સાહિત્ય એમના લોહીમાં વહે. કવિ તરીકે એમનો બહુ વ્યાપ નહિ, પણ જે છે તેમાં સચ્ચાઈ ભારોભાર. ભાવક તરીકે પણ મોટા. શબ્દ સાહિત્યની સૂક્ષ્મ લીલાઓની એમને પાકી જાણ. એમની રચનાઓમાં પ્રણય અને પ્રભુનો સંગમ, ક્યારેક પ્રભુપ્રવાહ પ્રબળ બને તો ક્યારેક અલ્પકાલીન પ્રિયતમા આંખમાંથી વહી જાય. આમ તો એમનું મુખ્ય સર્જન ગઝલનું પણ ક્યારેક ગીત અને અછાન્દસમાં પણ વિહાર કરી આવે. આધુનિક સમયગાળામાં એમની રચનાઓ ધોધમાર રીતે પ્રગટતી. હળવદ જેવા નાનકડા ગામમાં જિંદગીભર રહ્યા. બહુ ઓછી જરૂરિયાતોથી જીવ્યા. શબ્દ સાથેનો નાતો એવો ઘનિષ્ઠ કે ગાંઠનું ગોપીચંદન કરતાં પણ અચકાય નહીં. પુરોગામી અને અનુગામી કવિઓને પૂરતો આદર આપે.'

કવિ સોલિડ મહેતાને હૃદયથી અભિનંદન, શુભેચ્છાઓ. તેમનું સંપર્કસૂત્ર છે. 'પુરુષોત્તમ', સલાટફળી, હળવદ-૩૬૩૩૩૦, જિ. સુરેન્દ્રનગર, મો. ૯૯૨૫૩ ૭૩૭૨૫

# જીવનના અંતે લાખના બાર હજાર બતાડતી બેલેન્સશીટ જોવા મળે ત્યારે

## પીએમનું સ્વચ્છતા અભિયાન ગજબનું છે અને દિમાગ પર છવાઈ ગયું છે ખરેખર!

## વિચારયાત્રા

- ડો. જય ઓઝા

રોજ ઝાડુપોતું કરીને ઘર સાફ રાખીએ છીએ, મન કેમ નહીં? બેચાર છ મહિને ગાડીને સર્વિસ સેન્ટરમાં મોકલી દઈએ છીએ, મનને કેમ નહીં? વરસમાં એક વાર ફેક્ટરી બે દિવસ બંધ રાખીને તમામ મશીનરીના પૂરજા છૂટા કરીને ઓવરહોલિંગ કરી ફરી જોડી દઈએ છીએ, આ વિધિ મન સાથે કેમ નથી થતી.

મન સાથેનો રિશ્તો ટેકન ફોર ગ્રાન્ટેડ થઈ ગયો છે. મન આપણાથી છૂટું પડી જશે તો જઈ જઈને ક્યાં જશે એવું વિચારીને આપણે મુસ્તાક બનીને ફરતા રહીએ છીએ. અચાનક માથા પર પડેલો સફેદ વાળ દેખાય છે કે પુત્રી પહેલી વાર એના બૉયફ્રેન્ડ વિશે વાત કરે છે કે પત્ની ઘૂંટણના વાની ફરિયાદ કરે છે ત્યારે સમજાય છે કે પાણીનો રેલો પગ તળે આવી ગયો છે. આટલાં વર્ષોમાં મન કેટલું જડ, બંધિયાર અને ગૂંગળામણભર્યું બની ગયું છે તેની સૌપ્રથમવાર પ્રતીતિ થાય છે. વતનના ઘરના દરવાજે લાગેલા તાળાને બાર વર્ષ પછી ખોલતી વખતે જેટલી તકલીફ પડે એટલી જ તકલીફ આપણા મનમાં પુનઃપ્રવેશ કરતી વખતે પડતી હોય છે.

મનમાં બાઝેલાં જાળાંબાવાની નિયમિત ધોરણે ઝાપડઝૂપડ થવી જોઈએ. મનમાં સંઘરી રાખેલી પસ્તી, તૂટેલી સાણસી કે વળી ગયેલા તવેથાનો નિકાલ થઈ જવો જોઈએ. પેસ્ટ કંટ્રોલ પણ જરૂરી છે. ફિનાઈલનું પોતું પણ થવું જોઈએ. વાતાવરણ હવડ ન લાગે એ માટે થોડા થોડા દિવસે બારીબારણાં ખુલ્લાં મૂકી નવો તડકો, નવી હવાને આવવાં દેવાં જોઈએ. ઘરની જે ચીજો સુધી આ ન પહોંચે એને અગાસીમાં લઈ જઈને તડકે નાખવી જોઈએ. બધું જ પૂરું થઈ ગયા પછી ગમતી સુગંધના એર ફ્રેશનરથી કે અગરબત્તીથી વાતાવરણ મહેકતું કરી દેવું જોઈએ. આ બધું શક્ય છે? કેવી રીતે શક્ય છે? પણ પહેલાં એ તો પૂછો કે આ બધું જરૂરી છે?

જરૂરી છે. નાનપણથી એક પછી એક વિચારો મન ગ્રહણ કરતું રહે છે. કિશોરાવસ્થામાં જે આદર્શો જીવનમાં અપનાવવા જેવા લાગ્યા હોય એ શક્ય છે કે દુનિયાદારીમાં પડ્યા પછી જીવનમાંથી હાંકી કાઢવા જેવા લાગે, પણ મન ન માને તો? આવા સંજોગોમાં આદર્શો પાળવાનો દંભ કરવા કરતાં એને ઝાડુથી વાળીને ત્યજી દેવા સારા - આની સામે શક્ય છે કે કેટલાક વિચારો હજુ આજેય જીવનમાં પ્રસ્તુત લાગતા હોય, રિલેવન્ટ લાગતા હોય પણ વર્ષો વીતતાં એના પર ધૂળ બાઝી ગઈ હોય. આવા વિચારોને પૉલિશ કરી ફરીથી ચળકતા બનાવી દેવા જોઈએ. મનના કોઈક માળિયે કાટમાળ જેવા સંખ્યાબંધ પૂર્વગ્રહો, આ ગ્રહો, માન્યતાઓ, ગૃહિતો તેમ જ ક્યારેય કામ ન લાગનારા અમુક જર્જરિત સિદ્ધાંતો પડ્યા હોય છે. સંઘર્યો સાપ પણ કામ આવે એ રીતે આ બધું જ સચવાઈને બેઠું હોય છે. વાસ્તવિકતા એ છે કે સાપ કામ આવે એમ હોય તો પણ એને સંઘરવાનો ન હોય.

નાણાકીય વર્ષની જેમ આપણું પોતાનું અંગત એવું એક માનસિક વર્ષ હોવું જોઈએ. વર્ષના અંતે હિસાબકિતાબ કરવાની સમજ પડે, કારણ કે બાર મહિના સુધી માણસ ભ્રમમાં રહે કે ધંધો પ્રોફિટમાં ચાલે છે પણ વર્ષના અંતે સરવૈયું કાઢે એટલે રૂપિયા આનાપાઈનો હિસાબ મળે. વર્ષો સુધી બૅલેન્સશીટ ન બનાવ્યું હોય તો નફાનુકસાનના આંકડા અધ્ધર જ રહે. ધંધામાં કોઈ એવું નથી કરતું, જીવનમાં કરતાં રહીએ છીએ. ત્યાં તો યર એન્ડિંગ આવ્યું કે લેખાંજોખાં શરૂ. અહીં તો બહુ બહુ તો પચાસ, સાઠ કે પંચોતેર વર્ષની ઉજવણીઓ વખતે મૅન્ડેટરી લેખાંજોખાં કરતી વખતે જ ખ્યાલ આવે કે જે વાપર્યા કર્યું તે નફો નહોતો, મૂડીમાંથી જ ખરચ કર્યુ. અને હવે તો એ મૂડીય ખલાસ થવા આવી. જીવનના અંતે લાખના બાર હજાર બતાડતી બૅલેન્સશીટ જોવા જેવું કષ્ટ બીજું એકેય નથી.

દરેક માનસિક વર્ષના અંતે જે જે સંબંધોને ભંગારમાં આપી દેવા જેવા લાગે તેના સાટુ એકાદ સારામાંની સ્ટીલની તપેલી લઈને એ સંબંધોમાંથી મુક્ત થઈ જવું જોઈએ. દરેક સંબંધની જાળવણી માટે તમારી જિંદગીના એક હિસ્સાની ચુકવણી કરવી જ પડતી હોય છે. તમારા સમય, તમારી ભૌતિક સગવડ-અગવડ તથા તમારા લાગણીતંત્રની - તમારા સંવેદનતંત્રની જાં - આ ત્રણેય મળીને તમે જેની ચુકવણી કરો છો તે હિસ્સો બને છે. એક, પાંચ, પંદર, પચ્ચીસ કે પાંત્રીસ વર્ષ અગાઉ બંધાયેલા તમામે તમામ સંબંધોનો બોજ ખભા પર ચકીને ફર્યા કરવાનું ન હોય. માત્ર નિભાવવા ખાતર નિભાવવામાં આવતા અનેક સંબંધોને કારણે ખર્ચાઈ જવાતું હોય છે. નિયમિતપણે નવી સ્ટીલની તપેલી સાટામાં લીધા નહીં કરો તો લાંબા ગાળે તમારો તમારી પોતાની જાત સાથેનો સંબંધ ઓસરી જવાનો.

જૂની અને નકામી થઈ ગયેલી ચીજોની એક બહુ મોટી આપત્તિ હોય છે (એક સ્પષ્ટતાઃ ચીજ જૂની હોય એ કારણે જ નકામી થઈ જતી નથી. નકામાપણું નવામાં પણ હોઈ શકે છે. સ્પષ્ટતા પૂરી થઈ). ઘરમાં કે મનમાં સંઘરાયેલી નકામી ચીજોની મોટી તકલીફ એ કે એ ચીજ કીમતી જગ્યા પચાવી પાડતી હોય છે. એના ઠેકાણે બીજી કોઈ ચીજ મૂકી શકાતી નથી. કોઈકે પરાણે વળગાડેલી જંગી કાટ ખાધેલી ફૂલદાનીની જગ્યાએ શું મૂકીશું એની મૂંઝવણને કારણે આપણે એનો નિકાલ કરતા નથી. તાત્કાલિક રિપ્લેસમેન્ટ ન મળે એમ હોય તો અને ખાલી પડેલી જગ્યા કાયમ ખાલી જ રહેશે એવી દહેશત હોય તોય પેલી ફૂલદાનીને એની જગ્યાએથી હટાવી દેવી જોઈએ. દરેક ખાલી જગ્યાને એનું આગવું ગૌરવ અને સૌંદર્ય હોય છે. જગ્યા ખાલી હશે તો ભવિષ્યમાં એ સ્થાને કશીક સુંદર, ઉપયોગી ચીજ લાવવાનું આપમેળે સૂઝશે.

અને છેલ્લે પેસ્ટ કંટ્રોલ. સાફસૂફીની ખૂબ કાળજી રાખ્યા પછી આપણી તમામ તકેદારી હોવા છતાં કેટલાક ઉપદ્રવી વિચારોનાં વાંદા, કીડી, મંકોડા, મચ્છર, કંસારી ઘૂસી જતાં હોય છે મનમાં. આસપાસની પ્રદૂષિત દુનિયાનું પરિણામ આપણે પણ સહન કરવું પડતું હોય છે. વર્ષે એક વાર મનની બહાર નીકળી જઈને, નિર્વિચાર બનવાનો પ્રયત્ન કરીને આ દૂષણોને કંટ્રોલ કરી લેવાં જોઈએ. બે દિવસ પછી પાછા આવીને જોઈશું તો છત તરફ પગ રાખીને ધા પડેલા કેટલાય દુષ્ટ વિચારો સમાપ્ત થઈ ગયા હોવાનો સંતોષ મળશે. આ બે દિવસ કે ચાર દિવસ ક્યાંક ઘરથી દૂર જઈને દારૂ પીને જલસા મારવાના. કોઈ આશ્રય કે સેવાસંસ્થામાં જઈને ત્યાગમૂર્તિ બની જવાના દેખાડા નહીં કરવાના.

મનના મેઈન્ટેનન્સ માટેનો કૉન્ટ્રાક્ટ બીજા કોઈને ના અપાય. સર્વિસિંગ જાતે જ કરવું પડે. જીવનના અંત સુધી સાચવી રાખવા પડે એવા વિચારો જો ખોટકાતા જણાય તો એનું ઑઈલિંગ પણ જાતે જ કરી લેવું પડે. આ બધું કરી લીધા પછી એકાદ સારા પુસ્તક કે એકાદ સારા લેખ કે એકાદ સારી વ્યક્તિનું સાન્નિધ્ય એટલે ખંડના ખૂણે પેટાવેલી એક અગરબત્તી.